www.marugujarat.in

Subject Code : ASM-1

# પ્રશ્નપત્ર-1 ગુજરાતી (મુખ્ય પરીક્ષા) (વર્ણનાત્મક)

સમય : 3 કલાક

ગુણ : 150

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20 |
|---|---|
| | |

પ્રશ્ન-1. આપેલા વિષયો પૈકી એક વિષય પર નિબંધ લખો. (અઢીસોથી ત્રણસો શબ્દો)

(1) કૃષિ અર્થતંત્રની આજ અને આવતીકાલ

(2) કળા વિમુખતા : માણસની મૌલિક વિચારશક્તિનું હનન

(3) આધુનિક હિસાબી પદ્ધતિના વિકાસમાં ટેકનોલોજીની ભૂમિકા

(4) ખોવાયેલો માનવી : ખોવાયેલી ઋતુઓ

(5) 21મી સદીના પ્રથમ બે દસકા

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન-2. નીચે આપેલાં પૈકી એકનો વિચાર-વિસ્તાર કરો. (દોઢસો શબ્દો)

(1) હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની,
ને જે અસુંદર રહી તે સર્વને,
મૂકું કરી સુંદર ચાહી ચાહી.

(2) ભ્રષ્ટ થયું જરી તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો.

(3) અહીં સુધી પહોંચ્યા પછી એટલું સમજાય છે, કોઈ કશું કરતું નથી આ બધું તો થાય છે.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10 |
|---|---|
| | |

પ્રશ્ન-3. નીચે આપેલ ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી મથાળે શીર્ષક આપો.

પશુ પોતાને મળ્યું હોય તેવું જ જગત પોતાની સંતતિને આપતું જતું હોય છે. એટલે પશુઓના આહારવિહાર ને એનાં આશ્રયસ્થાનો વગેરે આદિ કાળથી હતાં તેવાં ને તેવાં જ રહે છે. નથી એમાં કશો ફેરફાર થતો, નથી એમાં કશા સુધારાવધારા થતા, નથી એમાં પુરોગામી પેઢીઓના અનુભવને કશા ઉપયોગમાં લેવાતો. પશુને નથી મળ્યાં તે સ્મૃતિ અને દૃષ્ટિ મનુષ્યને મળ્યાં છે, એટલે એ પોતાની પુરોગામી પેઢીઓના અને પોતાના અનુભવનો ઉપયોગ કરે છે. અને પોતાની સંતતિ માટે- અલબત્ત, પોતાની કલ્પના પ્રમાણેનું-વધારે સારું જગત મૂકી જવાને મથતો હોય છે. મને જો એમ લાગે કે જગતમાં અનિષ્ટોને દૂર કરવાનો એકમાત્ર ઉપાય ધન છે તો હું ધન ભેગું કરવા લાગું છું અને મારાં બાળકો માટે ધન મૂકી જાઉં છું. મને જો એમ લાગે મને વિદ્યા મળી હોય તો મારું જગત વધારે સારું બનત તો મારાં બાળકોને વિદ્યા આપતો જાઉં છું. ટૂંકામાં, મને જે મર્યાદાઓ નડી તે મારાં બાળકોને ન નડે તેની ચિંતા હું અહોરાત્ર કર્યા કરતો હોઉં છું. એટલે મને મળ્યું તેના કરતાં વધારે સારું જગત હું મારા બાળકો માટે મૂકી જવાનો પ્રયત્ન કરતો હોઉં છું.

- મનસુખલાલ ઝવેરી

Downloaded from www.marugujarat.in

www.marugujarat.in



મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન-4. નીચે આપેલ ગદ્યખંડનાઆધારે પૂછેલા પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો.

કેટલાક લોકો એમ માને છે કે અર્થશાસ્ત્રને નીતિશાસ્ત્ર અથવા ધર્મનીતિ સાથે તો કશી લેવાદેવા જ ન હોય. ખરી રીતે જોઈએ તો જનસમાજનું કલ્યાણ એ જ ઉદ્દેશ બન્ને શાસ્ત્રોનો છે. અને એમાં યે સમાજના આંતરિક કલ્યાણની દૃષ્ટિએ ધર્મ એ તો સમાજનો પ્રાણ છે. એટલે અર્થશાસ્ત્રના સિદ્ધાંતો ધર્મ અથવા નીતિના વિરોધી હોઇ જ ન શકે. પણ આપણામાં એવી માન્યતાએ ઘર કર્યું છે કે અર્થશાસ્ત્રમાં આર્થિક લાભનો અથવા સ્વાર્થનો જ વિચાર કરવાનો છે અને નીતિશાસ્ત્રમાં દયાભાવ અને પરોપકારનો વિચાર છે માટે એ બે શાસ્ત્રનો મેળ બેસે નહિ. બેને ભેગાં કરવા જતાં બાવાના બેઉ બગડે. આ બાબતમાં ગાંધીજી કહે છે; 'ધર્મ અને અર્થ વચ્ચે મેળ ન હોઈ શકે એમ માનવું ઘોર અજ્ઞાન છે.' જે વ્યક્તિ કે સમાજ ધર્માધર્મનો કે નીતિ-અનીતિનો વિચાર કર્યા વિના સ્વાર્થને પ્રાધાન્ય આપીને પોતાની પ્રવૃત્તિ ચલાવે છે તે ચારિત્ર્યમાં શિથિલ થયા વિના રહેતી જ નથી અને પોતાની પ્રગતિ કે કલ્યાણ પણ સાધી શકતી નથી. પરંતુ આધુનિક અર્થશાસ્ત્રના મૂળ પ્રવર્તકો એડમ સ્મિથ, રિકાર્ડો, વગેરેએ અર્થ અને નીતિને અલગ પાડીને અર્થશાસ્ત્રના સિદ્ધાંતો તારવ્યા તે અનર્થકારી નીવડ્યા છે.

- નરહરિ પરીખ

(1) અર્થશાસ્ત્ર અંગે લોકોનું શું માનવું છે?

(2) અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રનો મૂળ હેતુ શો છે?

(3) ગાંધીજી અર્થ અને ધર્મનું સંયોજન કેવી રીતે કરે છે?

(4) ધર્મ-અધર્મનો વિચાર ન કરીએ તો કેવાં પરિણામો આવે?

(5) આધુનિક અર્થશાસ્ત્રના અનિષ્ટ વિશે જણાવો.

પ્રશ્ન-5. શાળાના આચાર્યને એન.એસ.એસ.ની વાર્ષિક શિબિરનું ઉદ્ઘાટન કરવાનું હોઈ, એનું વક્તવ્ય તૈયાર કરો.

પ્રશ્ન-6. તમારા વિસ્તારમાં 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી એની વિગતો આપતું નિવેદન પ્રચાર માધ્યમો માટે તૈયાર કરો.

પ્રશ્ન-7. તમારે મનગમતાં દસ પુસ્તકોની ખરીદી કરવાની હોવાથી એ પુસ્તકોની યાદી લેખકનાં નામ સાથે પ્રકાશકને મોકલી પુસ્તકોની માંગણી કરતો પત્ર લખો.

પ્રશ્ન-8. 'બે હજાર વીસનું વર્ષ માનવજાત માટે બોધપાઠનું વર્ષ' વિષય પર કોઈ વર્તમાનપત્રમાં ચર્ચાપત્ર લખો.

પ્રશ્ન-9. શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર લોકસાહિત્યમાં સંશોધન કરનારને અનુદાન આપે છે; આ માટે એક સંશોધન પ્રસ્તાવ તૈયાર કરો.

પ્રશ્ન-10. 'ગાંધી દોઢસો' નિમિત્તે રાજ્યમાં થયેલી ઉજવણીઓને અહેવાલરૂપે લખો.

પ્રશ્ન-11. 'શહેરીકરણ અને જળ-વાયુ વ્યવસ્થાપન' વિષય પર બે વ્યક્તિના પરસ્પર પૂરક સંવાદ લખો.

Downloaded from www.marugujarat.in

www.marugujarat.in



પ્રશ્ન-12. નીચે આપેલા પેરેગ્રાફનો ગુજરાતીમાં અનુવાદ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

My own recollection is that I had not any high regard for my ability. I used to be astonished whenever I won prizes and scholarships. But I very jealously guarded my character. The least little blemish drew tears from my eyes. When I merited, or seemed to the teacher to merit, a rebuke, it was unbearable for me. I remember having once received corporal punishment. I did not so much mind the punishment, as the fact that it was considered my desert. I wept piteously. That was when I was in the first or second standard. There was another such incident during the time when I was in the seventh standard. Dorabji Edulji Gimi was the headmaster then. He was popular among boys, as he was a disciplinarian, a man of method and a good teacher. He had made gymnastics and cricket compulsory for boys of the upper standards. I disliked both. I never took part in any exercise, cricket or football, before they were made compulsory. My shyness was one of the reasons for this aloofness, which I now see was wrong.

– 'My Experiments with Truth', Gandhiji

પ્રશ્ન-13. ગુજરાતી વ્યાકરણના માગ્યા મુજબ જવાબ લખો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 20

(1) નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(અ) ધુમાડો કરવો.

(બ) હાથ આપવો.

(2) નીચે આપેલી કહેવતના અર્થ આપો.

(અ) વાડ વિના વેલો ન ચડે.

(બ) દયા ડાકણને ખાય.

(3) (અ) સમાસનો વિગ્રહ કરી ઓળખ આપો.

દામોદર

(બ) કર્મધારય સમાસનું ઉદાહરણ આપી વિગ્રહ કરો.

(4) (અ) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો.

સુખ સમ કો મંગલ નહીં, મૃત્યુસમી નહિ હાણ,

જગ સમ કો જંગલ નહીં, સત્ય સમી નહિ વાણ.

(બ) માલિની છંદનું ઉદાહરણ આપો.

(5) (અ) નીચેની પંક્તિનો અલંકાર ઓળખાવો.

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.

(બ) અપહનૂતિ અલંકારનું ઉદાહરણ આપો.

Downloaded from www.marugujarat.in

www.marugujarat.in



(6) (અ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

અધિકારી આગળ પ્રસ્તુત કરવામાં આવતી હકીકત.

(બ) એક શબ્દ માટે શબ્દસમૂહ બનાવો.

મિતાહારી

(7) (અ) શબ્દોની જોડણી સુધારો.

અનીમેસ

તીતીકસા

(બ) નીચેના વાક્યમાં જોડણી સુધારો.

પુંજે જનો સૌ ઉગતા રવીને.

(8) નીચેના વિધાનોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારો.

(અ) મારા માજી આવ્યા.

(બ) સવિનય સાથ જણાવવાનું કે...

(9) નીચેના શબ્દોની સંધિ છોડો અને જોડો.

(અ) સચ્ચિદાનંદ

સ્રગ્ધરા

(બ) ઉદ્ + પદ્ + તિ

(10) સૂચના મુજબ લખો.

(અ) નીચેના વિધાનને કર્તરિ બનાવો.

નાનાભાઈથી સાવ ભોળા બનીને બોલી જવાયું.

(બ) વાક્યનો અર્થ ન ફરે એમ નીચેના વિધાનને વિરોધી બનાવો.

હું પંદર વર્ષનો હતો ત્યારે બા હયાત હતાં.

Downloaded from www.marugujarat.in